# ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,
# કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## (રજીસ્ટર્ડ થયેલી સરકારી માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી માધ્યમ) શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ તથા તા.૨૩/૦૨/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૮/બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૦૯/ ૧૯૦૬/ગ, તા.૨૪/૦૨/૨૦૧૬ અન્વયે રાજયની રજીસ્ટર્ડ સરકારી માધ્યમિક શાળાઓમાં કુલ-૧૩૩૫ શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત વર્ષ- ૨૦૧૭ અન્વયે શિક્ષણ સહાયકની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ માંગવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી **તા.૦૧/૦૨/૨૦૧૭ થી તા.૧૦/૦૨/૨૦૧૭** સુધી વેબસાઇટ www.gserb.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ **તા.૧૦/૦૨/૨૦૧૭ના** રોજ **૧૧.૫૯ કલાક** સુધી ઓનલાઇન કરવાની રહેશે.

1) શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત:-

i. શિક્ષણ વિભાગના તા.૨/૪/૨૦૧૩ના ઠરાવ અન્વયે નીચે મુજબની લાયકાત રહેશે.

(1) To be Eligible for Appointment as Teacher in Secondary School a Candidate Shall,-

(b) Possess:

I. a bachelor's degree in Arts or Science or Commerce obtained from any of the Universities or institutions established or incorporated bay an Act of Parliament or a State Legislature in India, or any other Education Institution recognised as Such or Declared to be Deemed as University Under Section 3 of The University Grants commission Act. 1956 or Possess an Equivalent Qualification recognised as such by The Government, and

II. A Bachelor's Degree in Education obtained from any of The Universities or Institutions Established or Incorporated by an Act of Parliament or a State Legislature in India or any Other Educational Institution recognised as Such by The Government or Declared to be deemed as University under Section 3 of The University Grant Commission Act. 1956 or possess an Equivalent Qualification recognised as such by The Government.

Provided that the age limit shall be relaxed in favour of a candidate belonging to the Scheduled Castes, Scheduled Tribes, Socially and Educationally Backward Classes and Women in accordance with the provision of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules,1967.

ii. માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ વિષયો માટે TAT પરીક્ષામાં ઉર્તિણ થયેલ ઉમેદવારો નીચે જણાવેલ સુચનાને ધ્યાને લઇ આ અરજી કરી શકશે.

- **ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪ માં આપવામાં આવેલ TAT ની પરીક્ષા યોજવા અંગે આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને લેવાયેલ પરીક્ષામાં ઉર્તિણ થયેલ ઉમેદવારો જ અરજી કરી શકશે.**

iii. રજીસ્ટર્ડ સરકારી માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકની નિમણુંક માટેની ન્યુનત્તમ લાયકાત. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨/ બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/ ૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ના ફકરા-૭(૨)(બી)(i)(૩)ની જોગવાઇઓ અનુસારની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇશે.

iv. ઉમેદવારની નિયત લાયકાત તથા તમામ પ્રકારના પ્રમાણપત્રો જાહેરાતના અનુસંધાને નિયત થયેલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પહેલા મેળવેલ હોવા જોઇએ.

v. એમ.એ.એજયુકેશન અને એમ.ફીલનું ગુણાંકન ધ્યાને લેવામાં આવશે નહીં.

vi. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/ ૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ના ફકરા-૭(૧)(એ)માં નિયત થયેલ મુજબની વયમર્યાદા રહેશે. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૧/૨૦૧૭ના પત્રાંકઃસમશ/૧૦૧૧/૨૫૮/ગ.૧ ની જોગવાઇ મુજબ સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની મહત્તમ વયમર્યાદા ૩૭ વર્ષ રહેશે.

અરજી કરનાર ઉમેદવાર **તા.૧૦/૦૨/૨૦૧૭**ના રોજ ઉપર મુજબની વયમર્યાદામાં હોવો જોઇએ

vii. શિક્ષણ વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૬/ એસએમએસ/ ૧૦૧૧/૨૫૮/ગ.૧માં થયેલ જોગવાઇના મુજબ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી હોવી જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/ ૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦-ગ.૫ થી નિયત થયેલ જોગવાઇઓ મુજબ રહેશે.

viii. ઉમેદવાર જે માધ્યમમાં અભ્યાસ કરેલ હશે અને જરૂરી લાયકાતો મેળવેલ હશે તે જ માધ્યમની જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.

ix. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨/બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ગ ના પરિશિષ્ટ-૧માં નિયમ-૧૧(૩)માં જણાવ્યા મુજબ માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ રહેશે.

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨ | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી (જો ધરાવતા હોય તો) | ૧૦ |
| ૩ | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ/બી.પી.એડ વગેરે. | ૦૫ |
| ૪ | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ/એમ.પી.એડ વગેરે (જો ધરાવતા હોય તો) | ૦૫ |
| | **કુલ** | **૩૦** |

x. શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨/બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/ ૬/એસએમએસ/ ૧૦૧૧/૨૫૮/ગ.૧ની જોગવાઇઓનુસાર ઉમેદવારના લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના ૩૦ ટકા ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંકને આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

xi. શિક્ષણ વિભાગના તા.૧૮/૪/૨૦૧૨ના જાહેરનામાની જોગવાઇ ૧૧(૧)(ઘ) મુજબ ઉમેદવારને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માટે વધુમાં વધુ ત્રણ પ્રયત્નોની છુટ આપવામાં આવશે.

હાલ ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪માં આપવામાં આવેલ TAT પરીક્ષા યોજવા અંગેના જાહેરનામાના અનુસંધાને લેવાયેલ પરીક્ષા ધ્યાને લઇ ભરતીની કાર્યવાહી કરવામાં આવશે.

2) <u>પગાર ધોરણ:-</u>

i. માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ મુજબ ફીકસ રૂા.૩૧૩૪૦/- માસિક વેતન મળવાપાત્ર થશે.

ii. પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ માધ્યમિક શિક્ષકોની જગ્યા માટેનું પગારધોરણ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

iii. આ ભરતી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં એસ.એલ.પી.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા અન્ય પડતર કોર્ટ દાવાઓના આખરી ચુકાદાને આધીન રહેશે.

3) <u>ભરવાપાત્ર જગ્યાઓ:-</u>

i. વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો આ સાથેના પત્રક મુજબ રહેશે.

4) <u>વયમર્યાદામાં છુટછાટ:-</u>

i. મુળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

ii. વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.ર થી નિયત થયેલ સુપ્રિટેન્ડેન્ટ/સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની છુટછાટ મળશે.

iii. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ૦૫(પાંચ) વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

iv. વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં તા.૧૮/૪/૨૦૧૨ના જાહેરનામાથી ઘડાયેલ પસંદગી કાર્યરીતિ નિયમો અને મહિલા અનામતના નિયમો અનુચ્છેદ-૩૦૯ હેઠળ ઘડાયેલ છે. આથી વિધવા મહિલા કે સામાન્ય મહિલાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જોગવાઇ મુજબ અનામત વયમર્યાદાની છુટછાટ કે લાભો મળવાપાત્ર રહેશે.

v. માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ, વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૦૩(ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.

vi. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી હોય તો જ મળવાપાત્ર થશે.

પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

અરજી સાથે પરિશિષ્ટ- ક ને બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળાની આવકને ધ્યાને લઇ તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ મેળવેલું હોવું જોઇએ.

જો ઉમેદવારોએ આ પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહી.

## 5) ***અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓઃ-***

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારોએ ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.

2. TAT પરીક્ષાનો તમારી સીટ નંબર ENTER કરો જેથી તમારૂં RESULT ખુલશે. પછી CONTINUE કલીક કરતાં અરજીપત્રક ખુલશે.

3. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

4. આ અંગેનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ **www.gserb.org** ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે.

5. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

6. બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂા.૧૦૦.૦૦ (અંકે રૂપિયા સો પુરા) અને અનામત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂા.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.

   ફોર્મ ભરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી જાહેરાતમાં જણાવ્યા અનુસાર સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખામાં તા.૩૦/૦૧/૨૦૧૭થી નિયત થયેલ ચલણથી ભરી શકશે.

7. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

8. ઓનલાઇન અરજી પત્રક **તા.૦૧/૦૨/૨૦૧૭ થી તા.૧૦/૦૨/૨૦૧૭ ના રોજ ૧૧.૫૯ કલાક** સુધી ભરી શકાશે.

9. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

10. આ જાહેરાતનો હેતુ શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/ એસએચ /૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ ની જોગવાઇઓનુસાર હાલ પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. મેરીટના આધારે ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

11. સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકની ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

12. આ અંગે કોઇપણ મુંઝવણ હોય તો નજીકની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરી શકશો.

13. ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી પ્રયત્નો અંગેના તમામ દાખલા તેમજ આધારો હાજર થતાં સમયે અવશ્ય રજુ કરવાના રહેશે. આ સાથેની લાયકાતનું પત્રક ધ્યાને લેવું લાયકાત/પ્રમાણપત્ર જે તા.૧૦/૦૨/૨૦૧૭ કે તે પહેલા મેળવેલ હોવી જોઇએ.

14. ઉમેદવારે નિયત અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) નું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર નિમણુંક થતા સમયે રજુ કરવાનું રહેશે. જેમાં કોઇપણ સંજોગોમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

15. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

16. કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે.

17. જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીના લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર અસલ પ્રમાણપત્રોની ખરાઇ કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે. અને નિમણૂંક મૂળ અસરથી રદ થશે.

18. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. સરકારી શાળાઓમાં શિક્ષણ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક અનુભવ અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી , અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબકકે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહી.

19. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. અને કોઇપણ સંજોગોના કારણે કોઇપણ સંજોગોમાં ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી કે ભુલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધુરી, ભુલ ભરેલી હશે તો અરજી રદ થયેલ ગણાશે.

20. અરજદારે પોતાનું ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે જાતે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

21. અરજીપત્ર ભરવા અંગેની ખોટી, અધુરી કે ભુલભરેલી માહિતી બાબતે સુચનાઓ ઉમેદવારે વાંચેલ છે. સુચનાઓ ઉમેદવાર સમજે છે. અને ઉમેદવારને બંધનકર્તા છે.

22. અરજદારોએ ભરેલ ફોર્મની પ્રિન્ટેડ નકલ મેળવી લઇ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ અરજી ફોર્મ ઓનલાઇન (ON LINE) સબમીટ (SUBMIT)કરવાનું રહેશે.

23. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેના દરેક પાના ઉપર સહી કરી અને સુચના મળે ત્યારે રજુ કરવાનું રહેશે.

24. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે શિક્ષણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ તેમજ તા.૨૩/૦૨/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૮ /બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ ગ, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા.૨૪/૦૨/૨૦૧૬ તેમજ શિક્ષણ વિભાગના પત્રાંકઃસમશ/૧૦૧૧/૨૫૮/ગ.૧, તા.૨૪/૦૧/૨૦૧૭ની જોગવાઇઓને આધીન રહેશે અને આ બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**(પી.એમ.જોષીયારા)**
**સભ્ય સચિવ**
**ગુજરાત રાજય માધ્યમિક અને ઉ.મા. શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને સંયુકત શિક્ષણ નિયામક(માધ્યમિક), કમિશનર, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર.**

પત્રકઃ અ

## રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર અને જાતીવાર મદદનિશ શિક્ષકોની યાદી

તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ

| ક્રમ | જિલ્લાનું નામ | કેટેગરી | વિષય | | | | | | | | | તે પૈકી ૩૩ ટકા મહિલા અનામત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગણિત / વિજ્ઞાન | અંગ્રેજી | સામાજીક વિજ્ઞાન | ગુજરાતી | હિન્દી | સંસ્કૃત | શારિરીક શિક્ષણ | કોમ્પ્યુટર | કુલ | ગણિત / વિજ્ઞાન | અંગ્રેજી | સામાજીક વિજ્ઞાન | ગુજરાતી | હિન્દી | સંસ્કૃત | શારિરીક શિક્ષણ | કોમ્પ્યુટર | કુલ |
| રાજ્યનું કુલ ટોટલ | | SC | ૩૭ | ૧૪ | ૨૪ | ૪ | ૩ | ૨ | ૪ | ૦ | ૮૮ | ૧૩ | ૩ | ૬ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૨૫ |
| | | ST | ૫૯ | ૩૫ | ૨૯ | ૧૦ | ૧ | ૪ | ૧ | ૧ | ૧૪૦ | ૨૦ | ૧૨ | ૧૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૪૬ |
| | | OBC | ૧૩૯ | ૯૬ | ૫૫ | ૧૩ | ૨ | ૭ | ૧ | ૬ | ૩૧૯ | ૪૬ | ૩૧ | ૧૮ | ૩ | ૦ | ૨ | ૦ | ૧ | ૧૦૧ |
| | | PH | ૧૨ | ૭ | ૯ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| | | GEN | ૪૦૦ | ૧૮૦ | ૧૨૩ | ૩૭ | ૨ | ૩ | ૨ | ૧૧ | ૭૫૮ | ૧૩૪ | ૬૧ | ૩૮ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૪૮ |
| | | કુલ | ૬૪૭ | ૩૩૨ | ૨૪૦ | ૬૬ | ૮ | ૧૬ | ૮ | ૧૮ | ૧૩૩૫ | ૨૧૬ | ૧૦૮ | ૭૩ | ૧૮ | ૧ | ૩ | ૧ | ૪ | ૪૨૪ |